# અમદાવાદના એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૨૧) ની કોર્ટમાં.

**ફો.કેસ નં. ૫૫૫૩૯/૨૦૨૦**

<u>ફરીયાદી :</u> સરકારશ્રી

વિરૂધ્ધ

<u>આરોપી :</u> જૈમીન અમરવિંદ પટેલ

<u>:–: જજમેન્ટ :–:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે સમયે અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી પોતાની તથા અન્યોની જિંદગી જોખમાય તે રીતે ચલાવી <u>ઈ.પી.કો. ક. ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪</u> મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છું.

<u>:: હુકમ ::</u>

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. ક. ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના ભંગ બદલ સંયુકત રૂા.૧૨૦૦/–(અંકે રૂપિયા એક હજાર બસ્સો પુરા ) દંડ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ઘ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

સ્પેશિયલ સીટીંગમાં હુકમ આજરોજ તા.૧૧/૧૨/૨૧ ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બકુલભાઈ વિજયસિંહ વસાવા ) |
| તા.૧૧/૧૨/૨૦૨૧. | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>(કોર્ટ નં.૨૧)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૧૨૭ |